Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

# Gujarat
# TAT

## Previous Year Paper
### (Social Science)
### 27 Jul, 2014

Teachingninja.in

UPDATE KEY FOR "**SOCIAL SCIENCE**" SUB., DATE : 4/8/2014

*This Question Paper contains 32 printed pages.*

| પ્રશ્નપુસ્તિકાનો કોડ Question Paper Booklet Code |
|---|
| **A** |

Sl.No. 102261

**S/TAT/310(G)/14**

**(JULY, 2014)**

***Time : 80 Minutes]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ કસોટીમાં કુલ 100 પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ગુણ 1 છે.

2) તમામ કસોટીઓ બહુવિકલ્પ પ્રકારની છે. ચાર વિકલ્પોમાંથી એક જ વિકલ્પ સાચો જવાબ છે, જે ધ્યાનપૂર્વક વાંચી જવા અને **OMR Sheet** ઉપર નિયત સ્થળે તમારો ઉત્તર સાચા વિકલ્પની સામેના વર્તુળને ઘટ્ટ [●] કરીને નોંધવા વિનંતી છે.

3) પ્રશ્નપત્રના મથાળે જમણી બાજુ ખાનામાં પ્રશ્નપુસ્તિકાનો કોડ લખવામાં આવ્યો છે. ઉમેદવારોએ આ કોડ **OMR Sheet** ઉપર દર્શાવવામાં આવેલી જગ્યાએ ચીવટપૂર્વક આંકડામાં તેમજ વર્તુળને ઘટ્ટ બનાવીને લખવાનો છે.

4) **OMR Sheet** ઉપર લખવામાં આવેલો પ્રશ્નપુસ્તિકાનો કોડ અને પ્રશ્નપત્ર ઉપર લખેલો કોડ સમાન હોય તેની ખાત્રી કરી લેશો. આમાં વિસંગતતા હોય તો ખંડ નિરીક્ષકને તરત જ જાણ કરી **OMR Sheet** અથવા પ્રશ્નપત્ર અથવા બંને બદલી આપવા માટે જણાવશો જેથી બંને સેટ એક જ કોડના થાય.

5) ઉમેદવારે તેને આપવામાં આવેલા પ્રશ્નપુસ્તિકાનો કોડ હાજરીપત્રકમાં નિયત સ્થળે લખવાનો છે.

6) **OMR Sheet** ઉપર વિગતો લખવા માટે તેમજ જવાબો નોંધવા માટે કાળી/ભૂરી બોલપોઇન્ટ પેનનો જ ઉપયોગ કરશો.

7) **OMR Sheet** ઉપર 'વ્હાઈટ ફ્લૂઈડ' કે કરેક્શન શાહીનો ઉપયોગ કરવાની છૂટ નથી.



Teachingninja.in

1) નીચે આપેલાં ભારતની સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણોમાં કયા લક્ષણનો સમાવેશ થતો નથી.

(A) વિવિધતામાં એકતા (B) સહિષ્ણુતા

(C) સાંપ્રદાયિકતા (D) આધ્યાત્મિકતા અને ભૌતિકવાદ

2) માનવીએ પોતાની બુદ્ધિશક્તિ, આવડત, કલા-કૌશલ્ય દ્વારા જે કંઈ મેળવ્યું તે વારસો ______

(A) પ્રાકૃતિક વારસો (B) ભૌતિક વારસો

(C) આધ્યાત્મિક વારસો (D) સાંસ્કૃતિક વારસો

3) નેગ્રીટો (હબસી) પ્રજા કયા રસ્તે થઈ ભારતમાં આવેલા ?

(A) આફ્રિકામાંથી પાકિસ્તાનના રસ્તે થઈ ભારતમાં આવ્યા.

(B) આફ્રિકામાંથી પંજાબના રસ્તે થઈ ભારતમાં આવ્યા.

(C) આફ્રિકામાંથી બલૂચિસ્તાનના રસ્તે થઈ ભારતમાં આવ્યા.

(D) આફ્રિકામાંથી તુર્કમેનીસ્તાનના રસ્તે થઈ ભારતમાં આવ્યા.

4) નીચે આપેલી નાટ્યકૃતિઓમાંથી કઈ કૃતિ કવિ કાલિદાસની નથી ?

(A) માલવિકાગ્નિમિત્રમ્ (B) દૂતવાક્યમ્

(C) વિક્રમોર્વશીયમ્ (D) અભિજ્ઞાનશાકુન્તલમ્

5) મહાદેવ નટરાજ નૃત્યના દેવાધિદેવ કેમ મનાય છે ?

(A) તે નૃત્ય સારું કરતાં હતા.

(B) નૃત્ય સાથે તેમનો નાતો પેઢી દર પેઢી હતો.

(C) પૃથ્વી પરના લોકોને શીખવવા નૃત્યને સ્વર્ગમાંથી નીચે લાવનાર તે પ્રથમ હતા.

(D) તે નૃત્યનો વારસો સંભાળતા હતા.



Teachingninja.in

6) કથક નૃત્યનો પુનરુધ્ધાર કરવાનો યશ કોને ફાળે જાય છે ?

(A) અવધના નવાબ વાજિદ અલી શાહ

(B) બંગાળના નવાબ સિરાજુદ્દૌલા

(C) અલાઉદ્દીન ખલજી

(D) હૈદરાબાદનો નિઝામ

7) પ્રાચીન ભારતમાં કચ્છના ભચાઉ તાલુકાના ખદીરબેટમાં આવેલ ધોળાવીરાના ખોદકામ દરમ્યાન જે નગર મળી આવ્યું તેના મુખ્ય ત્રણ વિભાગો પડયા છે. તેમાંથી નીચે આપેલા વિભાગોમાંથી કયા વિભાગનો સમાવેશ થતો નથી ?

(A) શાસક અધિકારીનો ગઢ(સિટાડેલ)

(B) અન્ય અધિકારીઓના આવાસ ધરાવતું ઉપલું નગર

(C) સામાન્ય અધિકારીઓના આવાસમાં રહેતા ગરીબ લોકોનું નગર

(D) સામાન્ય નગરજનોના આવાસ ધરાવતું નીચલું નગર

8) ભગવાન બુધ્ધના શરીરના વિવિધ અવશેષો – વાળ, દાંત, અસ્થિ, રાખ વગેરેને દાબડામાં મૂકી તેના ઉપર પથ્થર કે ઈંટનું ચણતર કરવામાં આવતું, આવા સ્થાપત્યો કયા નામથી જાણીતા છે ?

(A) સ્તંભલેખ
(B) સિટાડેલ
(C) કીર્તિ સ્તંભ
(D) સ્તૂપ

9) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ મસ્જિદના રેખાચિત્ર સાથે મળતો નથી ?

(A) ગલિયારા – મસ્જિદની અંદર આવવા જવાનો રસ્તો.

(B) લિવાન – મસ્જિદના સ્તંભોવાળા ઓરડાને 'લિવાન' કહે છે.

(C) ગર્ભગૃહ – મુખ્યત્વે એક નાનો અને અંધકારયુક્ત ઓરડો.

(D) સહન – સ્થાપત્યનો આ ભાગ મસ્જિદનું પ્રાંગણ કહેવાય છે.



Teachingninja.in

10) મધ્યકાલીન સાહિત્યનો ઉત્તમગ્રંથ 'રાજતરંગિણી' બાબતે નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) તે વાસ્તવમાં ભારતનો સર્વપ્રથમ ઐતિહાસિક ગ્રંથ છે.

(B) તે કાશ્મીરમાં લખાયો હતો.

(C) તેની રચના સોમદેવ દ્વારા કરાઈ.

(D) તે સંસ્કૃત ભાષામાં લખાયો.

11) ભારતના રાષ્ટ્રીય પ્રતીક તરીકે નીચેનામાંથી કયા એક પ્રતીકને સ્થાન આપવામાં આવ્યું છે ?

(A) ચાર સિંહોની આકૃતિ

(B) શિવમૂર્તિ

(C) વૃષભની મૂર્તિ

(D) ઘોડાની મૂર્તિ

12) ભારતીય સાહિત્યના વારસા સંબંધિત નીચેનું કયું વિધાન પૂર્ણતઃ સાચું છે ?

(A) કૌટિલ્ય રચિત 'અર્થશાસ્ત્ર' એ વેપાર અને વાણિજ્યને લગતી ઉત્તમ કૃતિ છે.

(B) તમિલ, તેલુગુ, કન્નડ જેવી દ્રવિડ ભાષાઓ સૌથી પ્રાચીન ભાષા છે.

(C) ભારતમાં તુર્ક અને મુઘલ શાસન દરમિયાન ઉર્દૂ ભાષાનું ચલણ શરૂ થયું તે વર્ષો સુધી રાજદરબારની ભાષા બની રહી.

(D) મોગલ બાદશાહ હુમાયુએ પોતાની આત્મકથા 'હુમાયુનામા' ની રચના પોતે જ કરી હતી.

13) ભારતીય વૈદકશાસ્ત્ર વિશે પાશ્ચાત્ય વિવેચક સર વિલિયમ હંટરે નીચેના પૈકી કઈ નોંધ કરી નથી ?

(A) 'ભારતીય વૈદક શાસ્ત્ર', વૈદક વિદ્યાના સમગ્ર ક્ષેત્રને આવરી લે છે.

(B) તે શરીરનું બંધારણ, અંગોપાંગ સ્નાયુઓ અને રક્તવાહિનીઓ તથા તંતુઓનું વર્ણન કરે છે.

(C) ''હિંદુઓનું ઔષધશાસ્ત્ર ખનીજ, વનસ્પતિજ અને પ્રાણીજ ઔષધિઓનો વિશાળ સંગ્રહ છે.''

(D) વૈદક શાસ્ત્રમાં પેઢુ અને મૂત્રાશયનાં ઓપરેશન અંગેની કોઈ જ માહિતી આપેલ નથી.



Teachingninja.in

14) વનસ્પતિ ઔષધોની સાથે રસાયણ ઔષધો વાપરવાની ભલામણ કયા આચાર્યશ્રીએ કરેલ હતી ?

(A) નાગાર્જુન (B) વરાહમિહિર

(C) સુશ્રુત (D) ચરક

15) નીચે આપેલાં જોડકાં યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ લખો.

| A | | B | |
|---|---|---|---|
| 1) | મહર્ષિ ચરક | a) | કામસૂત્ર |
| 2) | શાલિહોત્ર | b) | અષ્ટાંગહૃદય |
| 3) | વાગ્ભટ્ટ | c) | અશ્વશાસ્ત્ર |
| 4) | વાત્સ્યાયન | d) | ચરકસંહિતા |

(A) 1 - c, 2 - b, 3 - a, 4 - d

(B) 1 - d, 2 - c, 3 - b, 4 - a

(C) 1 - a, 2 - c, 3 - d, 4 - b

(D) 1 - b, 2 - a, 3 - c, 4 - d

16) 'સ્વર્ગના બગીચામાં પવિત્ર દિલોનું સ્વાગત છે.' – આ ઉક્તિ કઈ જગ્યાએ લખાયેલી છે ?

(A) ફતેપુર સિક્રીના પ્રવેશદ્વાર ઉપર

(B) કાશ્મીરમાં દાલ સરોવર પાસે

(C) કુતુબ મિનાર પાસે

(D) તાજમહેલમાં આવેલ મુમતાઝની કબર પાસે

17) ફતેપુર સિક્રી શહેર કોણે કોની યાદમાં વસાવ્યું છે ?

(A) શાહજહાં એ તેની પત્ની મુમતાઝની યાદમાં.

(B) હુમાયુએ તેની પત્ની હમીદા બેગમની યાદમાં.

(C) બાદશાહ અકબરે જોધાબાઈની યાદમાં.

(D) અકબરે સૂફી સંત સલીમ ચિસ્તીની યાદમાં.



Teachingninja.in

18) કુતુબ મિનાર બાબતે નીચે પૈકી કઈ બાબત સાચી નથી ?

(A) ગોળ, લાલ પથ્થર અને આરસ છૂટથી વપરાયો છે.

(B) ચોલવંશનું સ્મારક છે.

(C) તેનો ઉપયોગ નમાજની અજાન માટે થતો હતો.

(D) પથ્થરોમાંથી બનેલ સૌથી ઊંચો સ્તંભ મિનાર છે.

19) નીચે આપેલાં ભારતનાં ઉપવનોને યોગ્ય રીતે જોડો.

| A – રાજ્યો | | B – ઉપવનો | |
|---|---|---|---|
| 1) | મેઘાલય | a) | શામલાત દેહ |
| 2) | રાજસ્થાન | b) | લિંગ્દોહ |
| 3) | મહારાષ્ટ્ર | c) | ઈરિંગોલ કાવૂ |
| 4) | કેરલ | d) | દેવ રહતી |

(A) 1 - b, 2 - a, 3 - d, 4 - c

(B) 1 - c, 2 - d, 3 - b, 4 - a

(C) 1 - d, 2 - c, 3 - c, 4 - a

(D) 1 - a, 2 - b, 3 - c, 4 - d

20) કોઈપણ નાગરિકને ખોદકામ દરમિયાન અચાનક કોઈપણ પૌરાણિક, પ્રાચીન કલાત્મક ચીજવસ્તુ કે અવશેષો મળી આવે તો કયા ખાતાના અધિકારીને સોંપવાની જવાબદારી નાગરિકની છે ?

(A) સંગ્રહાલય ખાતું

(B) પુરાતત્ત્વ ખાતું

(C) ગ્રાહક સુરક્ષા ખાતું

(D) ખાણ ખનિજ ખાતું



Teachingninja.in

21) નીચે આપેલાં ભારતનાં વિશ્વવારસાનાં સ્થળો પૈકી કયા સ્થળનું જોડકું સાચું છે ?

(A) કાજીરંગા - દિલ્લી

(B) બૃહદેશ્વર - થંજાવુર

(C) કુતુબ મિનાર - મુંબઈ

(D) ચાંપાનેર - કોણાર્ક

22) અનવીનીકરણીય સંસાધનો એટલે ________

(A) જે એક ચોક્કસ સમયમાં આપમેળે નિર્માણ પામે છે.

(B) વન અને વન્યજીવન અનવીનીકરણીય સંસાધનો છે.

(C) જે ખનિજ એકવાર સમાપ્ત થઈ જાય પછીથી તે બીજીવાર બનાવી શકાતાં નથી તે.

(D) ભરતી ઊર્જા.

23) નીચે આપેલી 'કાંપની જમીન' ની વિશેષતાઓમાંથી કઈ વિશેષતા સાચી નથી ?

(A) તે મુખ્યત્વે ઉત્તરનાં મેદાનો, કિનારાનાં મેદાનો તથા છત્તીસગઢ - બેસીનમાં આવેલી છે.

(B) કાળી અને દ્વીપકલ્પીય ઉચ્ચ પ્રદેશની ભેટ છે.

(C) નદીઓના નિક્ષેપથી તૈયાર થાય છે.

(D) આ જમીનની ફળદ્રુપતા અલગ અલગ સ્થળોએ ભિન્ન ભિન્ન જોવા મળે છે.

24) 'જમીન ધોવાણ' કોને કહે છે ?

(A) જમીન (માટી) કણોનું એક જગ્યાએથી બીજી જગ્યાએ દૂર હડસેલાઈ જવું તે.

(B) ખરાબાની જમીન ને

(C) જમીન ધોવાઈને ખીણો-કોતરો બને તેને

(D) જે જમીનનું ધોવાણ ચોમાસામાં થયું હોય તેને



Teachingninja.in

25) વાતાવરણમાં ઓક્સિજન અને કાર્બનડાયોક્સાઈડનું સંતુલન કરવાનું કામ કોણ કરે છે ?

(A) વરસાદ

(B) જંગલો

(C) હવામાન

(D) ઋતુઓ

26) હિમાલયમાં પર્વતીય ઢોળાવમાં દેવદારનાં જંગલોને બચાવવા હાલના ઉત્તરાંચલ રાજ્યના તહેરી ગઢવાલ જિલ્લાના વૃક્ષપ્રેમી લોકોએ કોના નેતૃત્વ હેઠળ 'ચીપકો આંદોલન' શરૂ કર્યુ ?

(A) જવાહરલાલ નહેરૂ અને સરદાર પટેલ

(B) ઈન્દિરા ગાંધી અને ફિરોઝ ગાંધી

(C) ગોપાલકૃષ્ણ ગોખલે અને જ્યોતિ બાસુ

(D) સુંદરલાલ બહુગુણા અને ચંદીપ્રસાદ

27) જૈવ આરક્ષિત ક્ષેત્રમાં આંશિક રીતે કઈ છૂટ આપવામાં આવે છે ?

(A) ખેતી કરવા અને સહેલાણીઓને હરવા ફરવાની.

(B) અસુરક્ષિત પ્રાણીઓના રક્ષણની.

(C) રહેણાંક મકાનો બાંધવાની.

(D) પ્રાણીઓના શિકારની.

28) કૃષિ ક્ષેત્રે અનુકૂળ સંજોગો માટેની મુખ્ય બાબતો પૈકી એક બાબત સુસંગત નથી તે શોધીને ઉત્તર લખો.

(A) કુશળ અને મહેનતુ ખેડૂત

(B) બારે માસ પાક લઈ શકાય તેવી આબોહવા

(C) ઉષ્ણતાનયનનો વરસાદ

(D) ખેતીલાયક વિશાળ ફળદ્રૂપ મેદાનો



Teachingninja.in

29) જુવાર,બાજરી : શુષ્ક ખેતી, ડાંગર અને શેરડી .........

(A) ભીની ખેતી
(B) મિશ્ર ખેતી
(C) સ્થળાંતરિત ખેતી
(D) આત્મનિર્વાહ ખેતી

30) રાષ્ટ્રીય અર્થકારણમાં કૃષિનું યોગદાન - માટેનાં વિધાનો પૈકી એક વિધાન ખરું નથી, તે શોધીને ઉત્તર લખો.

(A) કૃષિ દેશનાં કેટલાંક ઉદ્યોગો જેવા કે ખાદ્ય સામગ્રીને પ્રોસેસીંગ ઉદ્યોગ, ખાંડ, કાગળ અને સુતરાઉ કાપડ ઉદ્યોગો માટે કાચો માલ પૂરો પાડે છે.
(B) કૃષિ વિદેશી હુંડિયામણ પ્રાપ્ત કરવાનું મહત્ત્વનું માધ્યમ છે.
(C) કૃષિ ભારતના લોકોને ખોરાક પૂરો પાડે છે.
(D) કૃષિ ક્ષેત્રે દેશની વસ્તીના આશરે 64% લોકો બેરોજગાર છે.

31) નીચેના પૈકી એક જોડકું ખરું નથી તે શોધીને ઉત્તર લખો.

(A) બાષ્પ કરવાની ક્રિયા : બાષ્પન
(B) પૃથ્વી સપાટી પરનું જળવહન : પૃષ્ઠીય જળ
(C) ભૂમિમાં એકઠું થયેલું જળ : ભૂમિગત જળ
(D) થરનું રણ : 20 સેમી થી ઓછો સરેરાશ વાર્ષિક વરસાદ

32) નીચે આપેલી ભારતની નદીઓને અનુક્રમે પૂર્વથી પશ્ચિમ દિશાના સ્થાન પ્રમાણે યોગ્ય ક્રમમાં ગોઠવી વિકલ્પ પસંદ કરો.

(A) બ્રહ્મપુત્રા નદી, મહાનદી, કાવેરી નદી, તુંગભદ્રા નદી
(B) મહાનદી, કાવેરી નદી, સતલજ નદી, ગંગા નદી
(C) તુંગભદ્રા નદી , બ્રહ્મપુત્રા નદી, મહાનદી, કાવેરી નદી
(D) કાવેરી નદી, તુંગભદ્રા નદી ,બ્રહ્મપુત્રા નદી, મહાનદી.



Teachingninja.in

33) નીચે આપેલા રાજ્યોનો સઘન સિંચાઈ ક્ષેત્રોમાં એકનો સમાવેશ થતો નથી તે શોધીને ઉત્તર લખો.

(A) ઓરિસ્સા – મહાનદીનો મુખત્રિકોણ પ્રદેશ

(B) હિમાચલ પ્રદેશ – અરૂણાચલ પ્રદેશ અને પશ્ચિમી મધ્યપ્રદેશ

(C) તમિલનાડુ – કાવેરી નદીનો મુખત્રિકોણ પ્રદેશ

(D) આંધ્ર પ્રદેશ – તટીય જિલ્લા તથા ગોદાવરી અને કૃષ્ણા નદીના મુખત્રિકોણ પ્રદેશો

34) કિંમતી ધાતુમય ખનીજો : સોનું અને પ્લેટીનમ, હલકી ધાતુમય ખનીજો .............

(A) મેગ્નેશિયમ અને બોક્સાઈટ

(B) જસત અને ટંગસ્ટન

(C) વેનેડિયમ અને સીસું

(D) ક્રોમિયમ અને નિકલ

35) ચૂનાના પથ્થરની ઉપયોગિતા માટેની બાબતો પૈકી એક સંલગ્ન છે, તે શોધીને ઉત્તર લખો.

(A) લોખંડને પિગાળવામાં તથા રાસાયણિક ઉદ્યોગો માટે

(B) સ્ટોરેજ બેટરીની બનાવટ તથા કાચ અને રબર માટે.

(C) ધ્વનિ શોષક પડદા અને ગ્રામોફોન માટે

(D) કેરોસીનના શુધ્ધીકરણમાં તથા ફટકડી માટે

36) સોલંકી યુગના રાજવી ભીમદેવ પ્રથમના શાસનકાળમાં નીચેનામાંથી કયું મંદિર બંધાયું હતું ?

(A) મોઢેરાનું સૂર્યમંદિર

(B) અંબાજીનું મંદિર

(C) કોર્ણાકનું સૂર્યમંદિર

(D) ડાકોરનું મંદિર



Teachingninja.in

37) ભારતીય સાહિત્યના પ્રાચીનતમ્ પુસ્તકનું નામ જણાવો.

(A) સામવેદ
(B) ઋગ્વેદ
(C) યજુર્વવેદ
(D) અથર્વવેદ

38) નીચે પૈકી કયું વિધાન સાચું છે ?

(A) મેંગેનીઝનો મુખ્ય ઉપયોગ પોલાદ બનાવવામાં થાય છે.
(B) ગેલેના ખનિજમાંથી એલ્યુમિનિયમ બને છે .
(C) બોક્સાઈટ ધાતુમાંથી સીસું બને છે.
(D) ક્રોમિયમ એ કિંમતી ધાતુમય ખનિજ છે.

39) નીચેનાં જોડકાંના ચાર વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો.

| | A | | B |
|---|---|---|---|
| a) | પવન ઊર્જા | 1) | મણિકરણ |
| b) | સૌર ઊર્જા | 2) | મેથાણ |
| c) | બાયોગેસ | 3) | માધોપુર |
| d) | ભૂતાપીય ઊર્જા | 4) | ગુચ્છ |

(A) a - 4, b - 3, c - 2, d - 1
(B) a - 3, b - 1, c - 2, d - 4
(C) a - 4, b - 2, c - 1, d - 3
(D) a - 3, b - 4, c - 2, d - 1

40) નીચે આપેલાં કાપડ ઉદ્યોગના સ્થળોમાંથી કયું શહેર કાપડ ઉદ્યોગનું માન્ચેસ્ટર કહેવાતું હતું ?

(A) મુંબઈ
(B) ચેન્નાઈ
(C) કાનપુર
(D) અમદાવાદ



Teachingninja.in

41) 'અમેરિગો વેસ્પુચી' નામના ઈટાલીયન ખલાસીએ નીચેનામાંથી કયો દેશ શોધ્યો ?

(A) ઈટાલી (B) ઈંગ્લેન્ડ

(C) અમેરિકા (D) રશિયા

42) પ્રથમ વિશ્વયુધ્ધનું તાત્કાલિક કારણ ________.

(A) ઓસ્ટ્રિયા રાજકુમાર આર્કડયુક ફ્રાન્સિસ ફર્ડિનાન્ડ અને તેની પત્નીની હત્યા.

(B) જર્મનીના રાજકુમાર અને તેની પત્નીની હત્યા.

(C) ઈટાલીના રાજકુમાર અને તેની પત્નીની હત્યા.

(D) જર્મનીના હિટલરે જાપાન ઉપર કરેલું આક્રમણ.

43) નીચે આપેલાં જોડકાં યોગ્ય રીતે જોડી સાચો ઉત્તર લખો.

| | A | | B |
|---|---|---|---|
| 1) | રાજા રામ મોહન રાય | a) | આદિવાસી સમાજ સુધારણા |
| 2) | લોર્ડ મેકોલે | b) | મુસ્લિમ સમાજ સુધારણા |
| 3) | સર સૈયદ અહેમદ | c) | અંગ્રેજી શિક્ષણનો પ્રારંભ |
| 4) | ઠક્કર બાપા | d) | સતી પ્રથા નાબૂદ |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a

(B) 1 - b, 2 - c, 3 - a, 4 - d

(C) 1 - c, 2 - d, 3 - b, 4 - a

(D) 1 - d, 2 - b, 3 - c, 4 - a

44) શ્રી અરવિંદ ઘોષે પોતાના કયા પુસ્તકમાં ગુજરાતમાં ઉગ્ર ક્રાન્તિકારી યોજનાનો ઉલ્લેખ કર્યો હતો ?

(A) ભવાની મંદિર (B) અંબાજી મંદિર

(C) રણછોડરાયનું મંદિર (D) બૃહદેશ્વરનું મંદિર



Teachingninja.in

45) "જ્યાં સુધી આકાશમાં સૂર્ય ચમકતો રહેશે, ત્યાં સુધી લાલાજી જેવી વ્યક્તિ ક્યારેય મરી જ ન શકે " નીચે આપેલા મહાન વ્યક્તિઓમાંથી આ શબ્દો કોના છે ?

(A) સરદાર પટેલ
(B) જવાહરલાલ નહેરૂ
(C) ઈન્દિરા ગાંધી
(D) મહાત્મા ગાંધી

46) ''હિંદ છોડો'' આંદોલન નિષ્ફળ જવા માટે નીચેનામાંથી કયું એક જવાબદાર નથી ?

(A) આંદોલનના સંગઠન અને આયોજનમાં ખામીઓ હતી.
(B) સરકારની અતિશય ભયંકર દમનનીતિથી પ્રજા ભયભીત બની ગઈ.
(C) સરકારી અધિકારીઓએ સરકાર પરત્વે વફાદારી દર્શાવી હતી.
(D) સરકારી અધિકારીઓએ સરકાર પરત્વે વફાદારી દર્શાવી નહોતી.

47) સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્રનો આરંભ કોનાથી થાય છે ?

(A) બંધારણ
(B) આમુખ
(C) સંસદ
(D) રાષ્ટ્રપતિ

48) નીચે આપેલાં જોડકાં યોગ્ય રીતે જોડી સાચો ઉત્તર લખો.

| | A | | B |
|---|---|---|---|
| 1) | NATO | a) | વિશ્વ સંસ્થા |
| 2) | SEATO | b) | જુદા જુદા આરબ દેશો જોડાયા |
| 3) | CENTO | c) | સામ્યવાદી વિસ્તારવાદ સામે રક્ષણ કરવા સ્થાપના |
| 4) | UNO | d) | પશ્ચિમી લોકશાહી દેશોનું લશ્કરી સંગઠન |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(C) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(D) 1 - d, 2 - b, 3 - c, 4 - a



Teachingninja.in

49) નીચે આપેલા દેશોમાંથી કયો દેશ સોવિયેત યુનિયનમાંથી છૂટો પડેલ દેશ નથી ?

(A) તાઝિકિસ્તાન

(B) કઝાકિસ્તાન

(C) અફઘાનિસ્તાન

(D) કિર્ગિઝસ્તાન

50) નીચે આપેલા વિકલ્પોમાંથી જેણે યુનેસ્કોના અધ્યક્ષ તરીકે કામગીરી બજાવી છે એવી ભારતીય મહાન વિભૂતિ જણાવો.

(A) ડૉ. રાધાકૃષ્ણન

(B) વિજયાલક્ષ્મી પંડિત

(C) ડૉ. નગેન્દ્રસિંહ

(D) આર. એસ. પાઠક

51) નીચે આપેલાં જોડકાં યોગ્ય રીતે જોડી સાચો ઉત્તર લખો.

| | A | | B |
|---|---|---|---|
| 1) | કરૈકલ | a) | પશ્ચિમ બંગાળ |
| 2) | માહે | b) | આંધ્ર પ્રદેશ |
| 3) | યનામ | c) | કેરળ |
| 4) | ચંદ્રનગર | d) | તામિલનાડુ |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(C) 1 - d, 2 - b, 3 - a, 4 - c
(D) 1 - b, 2 - d, 3 - c, 4 - a

52) નીચે આપેલાં રાજ્યોમાંથી છત્તીસગઢ કયા રાજ્યમાંથી અલગ થયેલ છે ?

(A) બિહાર
(B) ઉત્તર પ્રદેશ
(C) સિક્કિમ
(D) મધ્ય પ્રદેશ



Teachingninja.in

53) ભારતે 1975 માં બાહ્ય અવકાશમાં નીચેનામાંથી કયો ઉપગ્રહ છોડયો ?

(A) આર્યભટ્ટ

(B) ભાસ્કર

(C) રોહિણી

(D) પૃથ્વી

54) વિશ્વમાં વિવિધ પ્રકારના કમ્પ્યૂટર સોફ્ટવેર વિકસાવવામાં કયાં બે શહેરો ભારતમાં અગ્રિમ સ્થાન ધરાવે છે ?

(A) મુંબઈ અને પુના

(B) હૈદરાબાદ અને બેંગ્લોર

(C) અમદાવાદ અને સુરત

(D) વડોદરા અને કોલકાતા

55) ભારતના બંધારણના ઘડતરની કામગીરી કેટલો સમય ચાલી હતી ?

(A) 2 - વર્ષ, 11 માસ, 18 દિવસ

(B) 3 - વર્ષ, 11 માસ, 28 દિવસ

(C) 1 - વર્ષ, 10 માસ, 18 દિવસ

(D) 2 - વર્ષ, 18 માસ, 11 દિવસ

56) ભારત બિનસાંપ્રદાયિક રાજ્ય છે. નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ શોધી સાચો ઉત્તર લખો.

(A) ભારત હિંસામાં માને છે.

(B) ભારતના લોકોને કોઈ એક જ ધર્મ ફરજીયાત પાળવાની છૂટ છે.

(C) કોઈપણ નાગરિકને તેની ઈચ્છા અનુસાર ગમે તે ધર્મ પાળવાની સ્વતંત્રતા છે.

(D) ભારતના નાગરિકોને ધાર્મિક સ્વાતંત્ર્યનો હક આપવામાં આવ્યો નથી.



Teachingninja.in

57) નીચે આપેલાં જોડકાં યોગ્ય રીતે જોડી સાચો ઉત્તર લખો.

| A | B |
|---|---|
| 1) સમાનતાનો હક | a) ભારતના બધા નાગરિકોને પોતાનો મનપસંદ ધર્મ પાળવાની સ્વતંત્રતા છે. |
| 2) સ્વતંત્રતાનો હક | b) કોઈપણ વ્યક્તિને ગુલામ તરીકે રાખી શકાય નહિ. |
| 3) શોષણ સામે હક | c) વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા |
| 4) ધાર્મિક સ્વતંત્રતાનો હક | d) બધા નાગરિકો કાયદાની નજરમાં સમાન છે. |

(A) 1 - c, 2 - d, 3 - b, 4 - a

(B) 1 - b, 2 - c, 3 - a, 4 - d

(C) 1 - d, 2 - a, 3 - b, 4 - c

(D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

58) ધરપકડ કે અટકાયત કરાયેલ વ્યક્તિને કેટલા કલાકમાં કોની સમક્ષ રજૂ કરવી પડે ?

(A) 24 કલાકમાં પોલીસ ઈન્સ્પેક્ટર સમક્ષ

(B) 12 કલાકમાં વકીલ સમક્ષ

(C) 24 કલાકમાં મેજિસ્ટ્રેટ સમક્ષ

(D) 12 કલાકમાં કલેક્ટર સમક્ષ

59) ભારતમાં બંધારણીય વડા કોણ હોય છે ?

(A) વડાપ્રધાન

(B) રાષ્ટ્રપ્રમુખ

(C) ઉપરાષ્ટ્રપ્રમુખ

(D) નાયબ વડાપ્રધાન



Teachingninja.in

60) જો અંદાજપત્ર પસાર થાય નહિ તો સરકારને શું કરવું પડે ?

(A) અંદાજપત્ર બીજા દિવસે રજૂ કરવું પડે.

(B) અંદાજપત્ર ફરીથી બનાવવું પડે.

(C) અંદાજપત્ર વિના પણ સરકાર ચાલે.

(D) સરકારને રાજીનામું આપી દેવું પડે છે.

61) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ માટે નીચે આપેલ લાયકાતોમાંથી કઈ લાયકાત સંલગ્ન નથી ?

(A) તે વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ.

(B) વડી અદાલતના ન્યાયાધીશ તરીકે 5 વર્ષનો અનુભવ હોવો જોઈએ.

(C) રાષ્ટ્રપ્રમુખના અભિપ્રાય પ્રમાણે તે પ્રસિધ્ધ કાયદાશાસ્ત્રી હોવો જોઈએ.

(D) તે વ્યક્તિ દેશનો ગુનેગાર હોય તો પણ ચાલે.

62) લોક અદાલતોની રચના શા માટે કરવામાં આવે છે ?

(A) લોકો વડી અદાલતમાં ન જાય તે માટે.

(B) લોકો સર્વોચ્ચ અદાલતમાં ન જાય તે માટે.

(C) ગરીબો અને શોષીતોને ઝડપી ન્યાય ન મળે તે માટે.

(D) ન્યાયમાં થતો વિલંબ નિવારવા માટે.

63) અમેરિકામાં આવેલ ભયાનક ભૂકંપનું જીવંત દૃશ્ય આપણે કયા વીજાણું માધ્યમથી ઘેર બેઠાં જોઈ શકીએ છીએ ?

(A) રેડિયો

(B) ટેલિવિઝન

(C) ઉપરના બંને

(D) સમાચાર પત્રો



Teachingninja.in

**64)** સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર પધ્ધતિ કયા સિધ્ધાંત પર આધારિત છે ?

(A) વ્યક્તિ દીઠ એક મત

(B) વ્યક્તિ દીઠ બે મત

(C) મત ન આપવાનો સિધ્ધાંત

(D) નોટા સિધ્ધાંત ઉપર

**65)** જગતના જે છ દેશો વિસ્તારની દષ્ટિએ ભારતથી મોટા છે તેમાં નીચે આપેલા દેશોમાંથી કયો દેશ સુસંગત નથી ?

(A) ઈંગ્લેન્ડ (B) ચીન

(C) યુ.એસ (D) ઓસ્ટ્રેલિયા

**66)** કર્કવૃત્ત (23.5 ઉ.અ.) નીચે આપેલાં રાજ્યોમાંથી કયા રાજ્યમાં થઈને પસાર થાય છે ?

(A) કેરલ (B) જમ્મુ કાશ્મીર

(C) ગુજરાત (D) પંજાબ

**67)** નીચે આપેલાં જોડકાં જોડી સાચો ઉત્તર લખો.

| A | B |
|---|---|
| 1) પંજાબ હિમાલય | a) તિસ્તા તથા દિહાંગ નદીઓની વચ્ચેનો ભાગ |
| 2) કુમાઉ હિમાલય | b) કાલી તથા તિસ્તા નદીની વચ્ચેનો ભાગ |
| 3) નેપાળ હિમાલય | c) સતલુજ તથા કાલી નદી વચ્ચેનો ભાગ |
| 4) અસમ હિમાલય | d) સિંધુ અને સતલુજ નદી વચ્ચેનો ભાગ |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a (B) 1 - b, 2 - c, 3 - a, 4 - d

(C) 1 - c, 2 - b, 3 - d, 4 - a (D) 1 - a, 2 - b, 3 - c, 4 - d



Teachingninja.in

68) ભૂપૃષ્ઠના આધારે મેદાની પ્રદેશને જે ચાર વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યો છે તેમાં નીચે આપેલા વિભાગોમાંથી કયો એક વિભાગ સુસંગત નથી ?

(A) તરાઈ
(B) તટીય
(C) બાંગર
(D) ખદર

69) વિશ્વના કયા સર્વોચ્ચ શિખરની ઊંચાઈ 8848 મીટર છે ?

(A) કાંચનજંઘા
(B) માઉન્ટ એવરેસ્ટ
(C) હિમાલય
(D) દાર્જિલીંગ

70) 'દોઆબ' કોને કહેવામાં આવે છે ?

(A) બે પર્વતો વચ્ચેની જમીનને
(B) બે ખીણો વચ્ચેની કોતરોને
(C) બે નદીઓની વચ્ચેની ભૂમિને
(D) બે દેશો વચ્ચેની ભૂમિને

71) ભારતની આબોહવાની ચાર ઋતુઓને સાચી રીતે જોડી ઉત્તર લખો.

| A | | B | |
|---|---|---|---|
| 1) | ઠંડા હવામાનની ઋતુ | a) | વર્ષાઋતુ - જૂનથી સપ્ટેમ્બર |
| 2) | ગરમ હવામાનની ઋતુ | b) | શિયાળો - ડિસેમ્બરથી ફેબ્રુઆરી |
| 3) | આગળ વધતા ચોમાસાની ઋતુ | c) | ઉનાળો - માર્ચથી મે |
| 4) | પાછા ફરતા મૌસમી પવનોની ઋતુ | d) | ઓક્ટોબર - નવેમ્બર |

(A) 1 - b, 2 - c, 3 - a, 4 - d
(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(C) 1 - c, 2 - d, 3 - b, 4 - c
(D) 1 - d, 2 - a, 3 - c, 4 - b



Teachingninja.in

72) ઊંચું તાપમાન અને ભેજની પરિસ્થિતિને કારણે દિવસનું તાપમાન-હવામાન અકળાવનારું થઈ જાય છે. આ સ્થિતિને 'ઓક્ટોબર હીટ' કહે છે જેને આપણે ગુજરાતમાં શું કહીએ છીએ તે નીચેના વિકલ્પોમાંથી શોધી સાચો ઉત્તર લખો.

(A) ભાદરવી તાપ (B) ઓતરા ચિતરાનો તાપ

(C) બળબળતો બપોર (D) કાળઝાળ ગરમી

73) નીચે આપેલા વિકલ્પોમાંથી ભારતની આબોહવાને અસર કરતાં પરિબળોમાં કયું પરિબળ સંલગ્ન નથી ? તે શોધી સાચો ઉત્તર લખો.

(A) અક્ષાંશ (B) ભૂપૃષ્ઠ

(C) આકાર (D) કર્કવૃત્ત

74) વિભાગ 'A' માં આપેલ વિગતોને વિભાગ 'B' માં આપેલ વિગતો સાથે યોગ્ય રીતે જોડો.

| A | | B | |
|---|---|---|---|
| 1) | નર્મદા-બેસીન | a) | પશ્ચિમ ઘાટના બ્રહ્મગિરિ શ્રેણીમાંથી નીકળે છે. |
| 2) | મહાનદી-બેસીન | b) | મહાબળેશ્વરની નજીકથી નીકળે છે. |
| 3) | કૃષ્ણા-બેસીન | c) | ઓરિસ્સામાં થઈ બંગાળની ખાડીને મળે છે. |
| 4) | કાવેરી - બેસીન | d) | છત્તીસગઢના અમરકંટકમાંથી |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a (B) 1 - a, 2 - b, 3 - c, 4 - d

(C) 1 - b, 2 - c, 3 - d, 4 - a (D) 1 - c, 2 - d, 3 - a, 4 - b

75) નદીઓની ઉપયોગિતા-ફાયદા માટે નીચે આપેલ કયો વિકલ્પ સુસંગત નથી ?

(A) નદીઓ સંસ્કૃતિ અને સભ્યતાની જનક ગણાય છે.

(B) નદીઓ પીવાનું સ્વચ્છ પાણી આપે છે.

(C) નદીઓનું પાણી પીવાલાયક, ખેતીલાયક હોતું નથી.

(D) નદીઓ 'લોકમાતા' ગણાય છે.



Teachingninja.in

76) સર્પગંધા નામની વનસ્પતિ કયા રોગને મટાડે છે ?

(A) મધુપ્રમેહ (B) લોહીના ઊંચા દબાણનો રોગ

(C) કેન્સર (D) ટાઈફોઈડ

77) નીચે આપેલાં ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલોનાં લક્ષણોમાંથી કયું લક્ષણ સુસંગત નથી ?

(A) જંગલોમાં ઝાડી-ઝાંખરાં અને વેલાઓ પુષ્કળ થાય છે.

(B) વૃક્ષોનું લાકડું કઠણ અને વજનદાર હોય છે.

(C) ટૂંકું ઘાસ થાય છે અને પાલતુ પ્રાણીઓના ચરાણ માટે ખૂબ ઉપયોગી છે.

(D) જંગલો બારેમાસ લીલાં રહે છે.

78) ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ - કે જે જંગલ વિષયક સંસોધનો કરે છે તે સંસ્થા નીચેનામાંથી કયા સ્થળે આવેલી છે ?

(A) દેહરાદૂન (B) પાટલીદૂન

(C) સિમલા (D) દાર્જિલીંગ

79) ગુજરાતનાં ડેડિયાપાડાનાં જંગલોમાં કયું પ્રાણી વસે છે ?

(A) હરણ (B) વાઘ

(C) રીંછ (D) ડાયનાસોર

80) ગુજરાતમાં આવેલાં કેટલાંક મહત્ત્વનાં અભ્યારણ્યો નીચે દર્શાવ્યાં છે તેનો યોગ્ય વિકલ્પ શોધી સાચો ઉત્તર લખો.

| | A | | B |
|---|---|---|---|
| 1) | સાસણ ગીર | a) | વાઘ |
| 2) | નળ સરોવર | b) | દીપડા |
| 3) | બરડા | c) | પક્ષીઓ |
| 4) | વાંસદા | d) | સિંહ |

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a (B) 1 - b, 2 - c, 3 - d, 4 - a

(C) 1 - c, 2 - a, 3 - b, 4 - d (D) 1 - a, 2 - b, 3 - c, 4 - d



Teachingninja.in

81) નીચે આપેલા વિધાનોનો અભ્યાસ કરો.

P. સામાજિક કૌશલ્યના વિકાસ માટે કરવામાં આવેલી પ્રવૃત્તિ

Q. શિક્ષકની વાર્ષિક ઉદ્દેશ્યોની સિધ્ધિ માટે આયોજન

R. વર્ગખંડમાં એકમ પાઠનું આયોજન

S. શિક્ષકની અભિયોગ્યતા માપવાની પધ્ધતિ

પાઠ આયોજનના કાર્યની સ્પષ્ટતા માટે ઉપરોક્ત વાક્યોમાંથી કયા વાક્ય દ્વારા થાય છે ?

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત Q

(B) P, R અને S

(C) ફક્ત R

(D) P અને S

82) C.C.E. ના સંદર્ભમાં નીચેનામાંથી કયું વાક્ય સાચું છે ?

P. તેનો અર્થ ફોર્મેટીવ અને સમેટીવ મૂલ્યાંકન સાથે સંબંધ છે.

Q. ફક્ત અધ્યાપન પ્રવૃત્તિના મૂલ્યાંકનની પદ્ધતિ છે.

R. ટર્મપેપર, રજૂઆત અને વયજૂથ અનુસાર શિક્ષણ ફોર્મેટિવ મૂલ્યાંકનનો ભાગ છે.

S. C.C.E. નો અર્થ સતત સર્વગ્રાહી મૂલ્યાંકન છે.

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) ઉપરના બધા વિધાન સાચાં છે.

(B) P અને R

(C) P, R અને S

(D) Q અને S



Teachingninja.in

83) નીચેની પધ્ધતિની યાદી જુઓ.

P. વ્યવહારિક

Q. આદેશાત્મક

R. સંખ્યાત્મક

S. જૂથાત્મક

T. ખેડાણ

ઉપરનામાંથી કઈ પધ્ધતિ સામાજિક વિજ્ઞાનમાં ઉપલબ્ધ છે.
શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) ઉપરની બધી પધ્ધતિઓ

(B) P, Q, R અને T

(C) R અને S

(D) R અને T

84) નીચેના ઉદ્દેશ્યો વાંચો.

P. માનવીય વલણનો વિકાસ કરવો.

Q. વફાદાર નાગરિક ઉત્પન્ન કરવા.

R. જ્ઞાનથી ભરેલો સમાજનું સર્જન કરવું.

S. આપણા સામાજિક ન્યાયને સમજવાનું જ્ઞાન આપવું.

સામાજિક વિજ્ઞાનમાં ઉપર મુજબના કયા ઉદ્દેશ્યોનું પાલન થાય છે ?

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) P, Q અને S

(B) Q, R અને S

(C) P, Q, R અને S

(D) P અને S



Teachingninja.in

85) કોઈપણ ચીજ વસ્તુનું મૂલ્ય સમયની સાથે વિકાસ થતો હોય તો તેના માપન માટે કઈ પ્રવિધિ કે પદ્ધતિથી થાય છે.

P. આંકડાશાસ્ત્રીય પદ્ધતિ

Q. સંખ્યાત્મક પદ્ધતિ

R. આલેખન પદ્ધતિ

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત P

(B) ફક્ત Q

(C) ફક્ત R

(D) P, Q અને R

86) નીચેની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરો.

P. વિભાગીય યાત્રા પ્રવાસનું આયોજન

Q. પ્રાથમિક માહિતીનું એકત્રીકરણ

R. પ્રશ્નાવલીઓ તૈયાર કરવી

આદેશાત્મક અભ્યાસ માટે ઉપરોક્ત પ્રવૃત્તિઓમાંથી કોની ખૂબજ જરૂરીયાત છે.
શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) P અને Q

(B) P અને R

(C) Q અને R

(D) P, Q અને R



Teachingninja.in

87) વર્ગખંડમાં વિદ્યાર્થીઓની ભાગીદારી આધારિત મૂલ્યાંકન, મોક અદાલત, ચર્ચા અને રજુઆત માપનને કયા પ્રકારમાં માપવામાં આવે છે ?

(A) ફોર્મેટિવ મૂલ્યાંકન

(B) વર્ણન કૌશલ્યના અને રજુઆતના

(C) ચારિત્ર્ય મૂલ્યાંકન

(D) ગુણાત્મક મૂલ્યાંકન

88) ભૂગોળ પાઠ્યપુસ્તકના માધ્યમ કરતાં મેદાન પર વધારે સારી રીતે શિખવાડી શકાય છે. આ વિધાન લાગુ પડે છે.

P. શિક્ષણની પ્રક્રિયામાં ખુલ્લી હવા મદદરૂપ થાય છે.

Q. શિક્ષણમાં પ્રત્યક્ષ અનુભવની સારી અસર થાય છે.

R. મેદાની વિચારના અભ્યાસને સ્પષ્ટ કરે છે.

ઉપરોક્ત વિધાનમાં કયું વિધાન સાચું છે ?

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) ઉપરોક્ત બધા વિધાનો

(B) ફક્ત Q

(C) P અને Q

(D) Q અને R



Teachingninja.in

89) માઈક્રો ટીચીંગ પ્રેક્ટીસમાં નીચેનામાંથી કયા વિધાનનો સંબંધ રહેલ છે ?

P. આ શિક્ષક તાલીમાર્થી માટે છે.

Q. આ કૌશલ્ય તાલીમ પ્રવિધિ છે.

R. 40 - 45 વિદ્યાર્થીના મોટા જૂથ માટે છે.

S. એક સાથે એક કૌશલ્ય માટે છે.

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) ઉપરના બધા વિધાન

(B) P, Q અને S

(C) P, Q અને R

(D) Q, R અને S

90) નીચેના ઘટકોનો અભ્યાસ કરો.
શારીરિક હિલચાલ, હાવભાવ, અવાજનો આરોહ-અવરોહ, આંખોનો સંપર્ક અને આંખોની હલનચલન.
નીચેના વિકલ્પોમાં માઈક્રો ટીચિંગના કૌશલ્યને ઓળખો.

(A) બ્લેક બોર્ડનું કૌશલ્ય

(B) સમજાવવાનું કૌશલ્ય

(C) પ્રશ્ન પૂછવાનું કૌશલ્ય

(D) ઉદ્દીપનના તફાવતનું કૌશલ્ય



Teachingninja.in

91) સમાજશાસ્ત્રના અભ્યાસમાં વિદ્યાર્થી દ્વારા હકીકતોને સમજવી, સંકલ્પના, પદ, સિધ્ધાંતો, પૂર્વધારણાઓના વલણમાં વગેરે શક્તિઓને સુધારો લાવી શકાય છે. સુધારણાનું તાત્પર્ય કોના માટે છે.

P. અલગ અલગ પૃથ્થકરણ કરવું.

Q. સરખામણી કરવી અને વિરોધાભાસ સ્પષ્ટ કરવો.

R. વર્ગીકરણ કરવું.

S. ખામી અને ત્રુટિ સુધારવી.

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરવો.

(A) ફક્ત R

(B) Q અને S

(C) Q, R અને S

(D) P, Q, R અને S

92) વર્ગખંડમાં પ્રવૃત્તિ દ્વારા તથા રમતના સાધનોના ઉપયોગ દ્વારા કયા ઉદ્દેશ્યો પાર પાડી શકાય છે ?

P. શિક્ષણને વધારે છે.

Q. સર્જનાત્મકતાને વધારે છે.

R. પ્રયોગમાં ઉદ્દીપનની ખામી

S. સમજવાનું ઊંડાણ

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) ઉપરના બધાજ ઉદ્દેશ્યો

(B) P, Q અને S

(C) Q, R અને S

(D) R અને S



Teachingninja.in

93) નીચેના વિધાનોનો અભ્યાસ કરો.

P. માનવી અને તેમના પર્યાવરણ વચ્ચેની પ્રતિક્રિયાઓનાં મહત્ત્વને ઓળખો.

Q. સંજ્ઞા અને પ્રતિકોના મહત્ત્વને જાણે.

R. કુદરતી સંસાધનોના માનવ દ્વારા શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં જે મર્યાદા છે. તેને જાણે જ્ઞાનની કયા શિક્ષણમાં ઉપરોક્ત ઉદ્દેશ્યોની સિદ્ધિ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) નાગરિક શાસ્ત્ર

(B) ઈતિહાસ

(C) ભૂગોળ

(D) અર્થશાસ્ત્ર

94) સામાજિક વિજ્ઞાનના ત્રિ-પરિમાણ વર્ગીકરણ એમ. હલચ્યાએ આપેલ છે. તેમાં સમાવેશ થાય છે.

P. ફક્ત સામાજિક વિજ્ઞાન

Q. અર્ધ-સામાજિક શાસ્ત્ર

R. અર્ધ-સામાજિક વિજ્ઞાન

S. સામાજિક ઉપયોગનું વિજ્ઞાન

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) P, Q અને R

(B) Q, R અને S

(C) P, R અને S

(D) P, Q, R અને S



Teachingninja.in

95) પાઠશાળાઓમાં વર્તમાન પ્રવાહોની સૂચનાઓ સામેલ કરેલી છે. તેના હેતુઓ.

P. મહત્ત્વપૂર્ણ સમસ્યાઓના પ્રશ્નો-ઓળખવા.

Q. સતત વાંચનની ટેવને વિકસાવવી.

R. પ્રશ્નોની લોકશાહી ઢબથી ચર્ચા કરવી.

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) P અને R

(B) Q અને R

(C) ફક્ત R

(D) P, Q અને R

96) નીચેની યાદી પરથી ડાલ્ટન પ્લાનનો અમલ કરતી વખતે શિક્ષકના અલગ અલગ કર્તવ્ય ઓળખો.

P. વિદ્યાર્થીઓ માટે સ્વાધ્યાય તૈયાર કરે

Q. વર્ગખંડમાં અભ્યાસનું વાતાવરણ જાળવી રાખે

R. ચાલકની ભૂમિકા નિભાવે

S. વિદ્યાર્થીની પ્રગતિની નોંધ રાખે

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) P, Q, R અને S

(B) P, Q, અને S

(C) Q, R અને S

(D) Q અને R



Teachingninja.in

97) નીચે દર્શાવેલ શૈક્ષણિક સહાયકોમાં દશ્ય સહાયક ઉપકરણનું દષ્ટાંત માનવામાં આવે છે ?

P. આલેખ અને નકશા

Q. 3-D મોડેલ્સ

R. સાંભળવા માટેનું સાધન

S. પસ્તીમાં આપેલા પુસ્તકો

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) P, Q અને R

(B) P, Q અને S

(C) Q, R અને S

(D) P, Q, R અને S

98) શિક્ષકો લોકશાહીના મંદિરના પાયાના પથ્થર માનવામાં આવે છે. કેમ કે

P. શિક્ષિત માણસો પોતાના અધિકાર અને કર્તવ્યથી સભાન હોય છે.

Q. શિક્ષિત માણસોનો કોઈ સરળતાથી શોષણ કરી શકતું નથી.

R. શિક્ષિત માણસોને તેમના અધિકારોનાં ભંગ વિરૂધ્ધ લડવાની તાલીમ આપવામાં આવે છે.

ઉપરોક્ત વિધાનોમાં કયું વિધાન સાચું છે.

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત P

(B) ફક્ત Q

(C) ફક્ત R

(D) P, Q અને R



teachingninja.in
Teachingninja.in

99) નીચેના વિધાનોમાં કયું વિધાન જૂથમાં અલગ પડે છે ?

P. અર્થતંત્ર પર વધતી જનસંખ્યાની અસર

Q. ટેક્નીક્લ અને ઔદ્યોગિક વિકાસ

R. વિવિધ સંસ્કૃતિઓના જન્મ અને વિકાસ

S. વિવિધ ક્ષેત્રોના સ્વાવલંબન.

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) P

(B) Q

✓(C) R

(D) S

100) સામાજિક વિજ્ઞાન અને ભાષાકીય પ્રવૃત્તિને માટે નીચે દર્શાવેલ કઈ પ્રવૃત્તિઓ સરળતાથી સંબંધિત છે ?

P. ભારતીય શિક્ષણ પ્રણાલી પર નિબંધ સ્પર્ધા

Q. રામાયણના સામાજિક મૂલ્યોનું નાટ્યીકરણ

R. વ્યવસાઈક તાલીમ

S. મુહાવરા અને સમસ્યાઓની રચના

શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

(A) P અને Q

(B) P, Q અને R

✓(C) P, Q અને S

(D) P, Q, R અને S



Teachingninja.in
Teachingninja.in